# હેલ્થ સાયન્સ લાઈબ્રેરી એસોસીએશન દ્વારા ઓનલાઈન વેબિનાર યોજાયો









ગાંધીનગર, તા. ૨૩

આ વેબિનાર 'એસેન્સિયલ લાઈબ્રેરી સર્વિસ ટૂ હેલ્થ સાયંસ યુઝર ઈન લોકડાઉન પીરીયડ ઓફ પેનડેમિક કોવિડ-૧૯' વિષય પર યોજાયો હતો.

આ વેબિનારના મુખ્ય પ્રવક્તા તરીકે એમ. એસ. યુનિવર્સિટી બરોડાના લાઈબ્રેરીયન તથા સેનેટ મેમ્બર ડૉ. મયંક ત્રિવેદીએ આવશ્યક લાઈબ્રેરી સેવાઓ ઉપર ખૂબ જ સરસ પ્રેઝેન્ટેશન કર્યું હતું. ડૉ. મયંક ત્રિવેદીએ ગુજરાતમાં લાઈબ્રેરી સાયંસમાં ખૂબ જ જાણીતા અને લોકચાહના ધરાવતા વક્તા છે. તેમને આ લોકડાઉન પીરીયડમાં 'વર્ક ફ્રોમ હોમ' એક લાઈબ્રેરીયન કેવા પ્રકારની સેવાઓ અપાય છે તે અસરકારક રીતે સમજાવ્યું હતું. આ પીરિયડમાં ઈ-બુક્સ મહત્વનો સોર્સ છે. તથા ફ્રી રીસોર્સીસ વિશે માહિતી આપી હતી.

આ વેબિનારમાં ગુજરાત તથા ગુજરાત બહારના અને વિદેશોમાં વસતા ૧૧૦ જેટલા લોકોએ ભાગ લીધો હતો.

સ્વાગત પ્રવચન ડૉ. અંજના બારોટ તથા આભાર વિધિ ડૉ. શામજી પરમાર દ્વારા કરવામાં આવી હતી.

આ વેબિનારનો સફળ બનાવવામાં સંજય લીંબાચીયા તથા હેલ્થ સાયંસ ટીમના સભ્યોએ ખૂબ જ જહેમત ઉઠાવી હતી.

# ગાંધીનગરમાં શ્રદ્ધાદીપ બ્લડ બેંક દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો







ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શ્રદ્ધાદીપ બ્લડ બેંકે બ્લડની અછતને પુરી કરવા માટે કાયમી રક્તદાતાઓને ફોન કરતા તેઓએ ઘરે આવીને લોહી લઈ જવા વિનંતી કરી હતી. અત્યારે છેલ્લા બે દિવસમાં આવી રીતે બ્લડ બેન્કે ઘરે જઈને બ્લડ ડોનેશન સ્વીકારે છે જેમાં નવા ડૉનર પણ ઉમેરાય છે. કોરોનાની મહામારીમાં સોશિયલ ડિસ્ટંસિંગ સાથે ડોનર રક્તદાન કરી રહ્યા છે.

સંપૂર્ણ તકેદારી સાથે રક્તદાન કરવામાં આવે છે. ગાંધીનગરના નગરજનોએ અપીલ છે કે આ મહામારીમાં રક્તની અછતને પહોંચી વળવા નગરજનો આગળ આવે. ગાંધીનગરના સોશિયલ વર્કર સુકેતુભાઈ મહેતાની આગેવની હેઠળ ૨૨ એપ્રિલે ૧૦ અને ૨૩ એપ્રિલે ૭ ડૉનરોએ રક્તદાન કર્યું. હેમાલીબેન ઓઝા અને જસપાલસિંહ રાજપૂત આ રક્તદાન કેમ્પ સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી. શ્રદ્ધાદીપ બ્લડ બેન્ક દ્વારા રક્તદાતાઓનો આભાર માનવામાં આવ્યો હતો.

# શારીરિક શિક્ષણ વિભાગ સાદરાના સ્વયસેવકો દ્વારા કોરોના મહામારી સામે ઘરે-ઘરે જઈ જાગરૂકતા અભિયાન

ગાંધીનગર, તા.૨૩

શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિધાશાખા, ગૂજરાત વિધાપીઠ, સાદરાના વિધાર્થીઓ ભાઈ અને બહેન ગુજરાત રાજ્યના વિવિધ ગામોમાં લોકોના ઘરે જઈ તેમને કોરોના વાયરસની મહામારી વિષે જાગૃત્ત



કોરોના વાયરસની સામે ઘરે ઘરે જઈ જાગરૂકતા અભિયાન ચલાવી રહ્યા છે પૂજ્ય બાપુ દ્વારા સ્થાપિત ગૂજરાત વિધાપીઠના વિધાર્થીઓ હરહમેશ જયારે પણ કોઈ મુશ્કેલી સમાજ સામે આવે છે ત્યારે સમાજના પછાત અને ગામડાના ગરીબ લોકો માટે સેવાના કામ કરે છે રાષ્ટ્રીય સેવા યોજના એકમના સ્વયમ સેવક કરી રહ્યા છે અને આયુષ મંત્રાલય દ્વારા આપવામાં આવેલી જાગૃત્તિના સાહિત્યની જાણકારી ગામના લોકોને જણાવી રહ્યા છે અને શારીરિક શિક્ષણ અને યોગની તાલીમ લઈ રહેલા આ યુવાનો ગામના લોકોને તેમની રોગ પ્રતિકારક ક્ષમતા વધારવા માટે યોગ, પ્રાણાયામ અને ધ્યાન કરવા માટે પ્રેરિત કરી રહ્યા છે સાથે સાથે કોઈ પણ શારીરિક અને સ્વાસ્થ્યને લગતી તકલીફ વિષે જાણકારી પ્રાપ્ત કરી રહ્યા છે અને આ શારીરિક અને સ્વાસ્થ્યને લગતી મુશ્કેલી વિષે ગામના લોકોને સ્વાસ્થ્ય કેન્દ્ર અથવા આંગણવાડી કાર્યકર્તાને જણાવા માટે સમજાવી રહ્યા છે વિશેષમાં કોરોના વોરિયર તરીકે કીર્તિ ચૌધરી, હસ્તી વેગડ, કરણ રાઠોડ અને નીતા પરમાર સ્વયમ સેવક દ્વારા માસ્કનું સોશલ ડિસ્ટન્સને ધ્યાનમાં રાખી ગરીબ અને જરૂરતમંદ લોકોને વિતરણ પણ કરી રહ્યા છે .

ભારત સરકાર દ્વારા આપેલી લોક ડાઉનની ગાઈડ લાઈન પ્રમાણે કોરોના વાયરસની લડાઈમાં સોશલ ડિસ્ટન્સ કેટલું જરૂરી છે તેના વિષે માહિતીગાર કરી રહ્યા છે અને બહુ જરૂરી કામ સિવાય બાહરના નીકળવા માટે લોકોને સમજાવી રહ્યા છે તેમની આ સમાજલક્ષી કામગીરી માટે કુલનાયકશ્રી ડો. અનામીકભાઈ શાહ, કાર્યકારી કુલસચિવશ્રી ડો. ભરતભાઈ જોશી, માનદ નિયામકશ્રી ડો. રાજેન્દ્ર ભાઈ ખીમાણી, ડીનશ્રી ડો. પ્રભુલાલ કાસુન્દ્રા અને રાષ્ટ્રીય સેવા



યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડો. નીરજ સિલાવટ તેમને પ્રોત્સાહિત અને માર્ગદર્શિત કરી રહ્યા છે.

# લોકડાઉનમાં વડાપ્રધાને માંગેલ સાત વચનને સમજાવવા મધુર ડેરીએ પ્રસ્તુત કરી 'મધુર સપ્તપદી' વીડિયો સંદેશ શ્રેણી

સમગ્ર ભારતવર્ષમાં બીજા તબકાનું લોકડાઉન વધારવાની જાહેરાત સાથે આંબેડકરજયંતિ દિન ૧૪ એપ્રિલના રોજ માનનીય વડાપ્રધાને કોરોના વાયરસ સામેની લડત માટે નાગરિકોને








મોદી સાહેબે નાગરિકો પાસે માંગેલ સાત સહકારની જાગ્રુતિ અને અમલીકરણ માટે મધુર ડેરીએ ચલાવ્યુ સોસીયલ મીડીયા અભિયાન

"મોદી સાહેબની મધુર સપ્તપદી"

મધુર ડેરી યુટ્રબ ચેનલ અને ચેરમેન ફેસબુક પેજથી લાઇવ કાર્યક્રમ

લોકડાઉનનો ગંભીરતાથી અમલ કરવાની સુચનાની સાથે સાથે સાત પ્રકારના સહકારની પણ અપીલ કરી હતી. આ મુદ્દાઓ ઉપર નાગરિકોને સમજણ આપવા અને લોકડાઉનનું પાલન કરવા મધુર ડેરીએ તા. ૧૫ થી ૨૧ સુધી રોજ એક એક મુદ્દા ઉપર સુંદર રજુઆત સાથે યુટ્યુબ અને ફેસબુકના માધ્યમથી વીડીયો શ્રેણીનું પ્રસારણ કરવામા આવ્યુ હતુ જેનો લાભ્મા લેવા મધુર ફેરીની યુટુબ ચેનલ અને ફેસબુક પેજ જોવા અને લાઈક કરવા અનુરોધ કરવામા આવ્યો છે.

**એપીસોડ ૧ : ઘરના વડીલોની કાળજી રાખો.**

ડૉ. શંકરસિંહ રાણાએ સપ્તપદીના પ્રથમ ભાગને વધુ સારી રીતે સમજાવવા પોતાના પરિવાર અને તેમના બા સાથે રહી ઘરના વડીલોની કાળજી રાખવાના મુદ્દાને સમજાવ્યો હતો. તેમણે જણાવ્યુ હતુ કે ઉંમરને કારણે રોગપ્રતિકારક શક્તિ ઘટતી હોય છે તેથી કોરોનાની મોટી અસર આ વડીલોને થતી હોય છે.. તેમણે ઘરના વડીલને ભુલથી પણ દૂધ લેવા કે બહાર વૉક્માં ન મોકલવા, પેંશન લેવા માટે કે કોઈ કામ માટે બહાર ન મોકલવા સલાહ આપી હતી. આ વાયરસ ખતરનાક છે અને વડીલોને જલદીથી અસર કરે છે. આપણા માબાપ કે સાસુ સસરા અત્યારે તો ઘરમા એમની સેવા ચાકરી થાય, ખુશ રહે અને સ્વસ્થ રહે એ ખુબ જ જરૂરી છે. મેં સાંભળ્યુ છે કે ઘણા ઘરમાં વડીલોને રૂમમા સાવ અલાયદા રાખીને વરંવાર ટોકવામા આવે છે, નાના બાળકોને એમેની પાસે રમવા જતા અટકાવવામા આવે છે તે યોગ્ય નથી. આની એમના માનસ ઉપર ખરાબ અસર પડી શકે છે. એમને નિયમિત અને યોગ્ય આહાર મળે, માન સન્માન સાથે કુટંબમા હુંફ મળે, આયુર્વેદીક ઉકાળો આપીએ તો એમના સ્વાસ્થ્યની સાથે સાથે એમના વર્તા અને વ્યવહારમા આનંદ જોવા મળશે. વડીલ વંદના સાચવવા કેવી રીતે? મોદી સાહેબની સપ્તપદીમા સૌથી અગત્યનુ સ્થાન વડીલોનું ધ્યાન રાખવાનુ જણાવ્યુ છે. વડિલો જો એકલા રહેતા હોય તો આપ સાચા પડોશી બનીને એમને મદદ કરો. જિલ્લા વહીવટી તંત્ર, પોલીસની મદદથી આવા વડીલોની ખાસ કાળજી લેવામા આવે છે આપા નજીકના પોલીશ સ્ટેશન કે પોલીશ કર્મચારીને જાણ કરશો. તેમણે પશુપાલકોને ઉદ્દેશીને જણાવ્યુ હતુ કે આ સમયમા આવા વડીલોને દૂધ ભરાવવા ન મોકલો. બને ત્યા સુધી એમને ઘરમા રાખી પ્રેમથી માવજત કરો. તેમણે તેમના મમ્મી કેસરબા સાથે બેસીને સૌને અપીલ કરી હતી કે આવા વડીલોને આ સમયે હુંફ અને પ્રેમ આપી ઘરમા જ સાચવવા જોઈએ. તેમણે જો કોઈ વડીલ જો એકલા રહેતા હોય અને બહાર જઈ ન શકતા હોય તો તેમેણે જાણ કરવા વિનંતિ કરી હરી. સરકારશ્રી દ્વારા અને પોલીસ કર્મચારી દ્વારા આવા વડીલ લોકોને ઘેર જરૂરી સામગ્રી કે ખોરાકની પણ વ્યવસ્થા કરવામા આવશે.

**એપિસોડ ૨ : સોસીયલ ડીસ્ટેંસિન્ગ**

મોદી સાહેબની મધુર સપ્તપદીના બીજા સોસીયલ ડીસ્ટન્સીગના મુદ્દાને પ્રેક્ટીક્લ રીતે સમજાવવા મધુરના ચેરમેનશ્રીએ દશેલા ખાતે આવેલ નવી મધુર ડેરી સાઈટ અને શાકભાજી પ્રોસેસિંગ સેન્ટર ઉપર શાકભાજીની ટીમ સાથે હાજરી આપી હતી. તેમણે જણાવ્યુ હતુ કે આવી કટોકટીની પરિસ્થિતિમાં મધુર દ્વારા આવશ્યક સેવાઓ દૂધ અને ખાસ તો શાકભાજીની સેવા ચાલુ છે. મધુર ડેરી માત્ર દૂધ અને દૂધની બનાવટો નહીં પણ શાકભાજી અને ફળ જેવી તરતજ નાશ પામતી પ્રોડક્ટનું પણનડિલિંગ કરે છે. આજની વિકટ સ્થિતિમાં રોજના ૫ થી ૧૦ ટન તાજા શાકભાજી અહી પ્રોસેસ કરીને સ્વચ્છ થેલીઓમાં પેક કરીને મધુર કેન્દ્રો ઉપર પહોંચાડવામાં આવે છે. વ્યવસ્થાના ભાગરૂપે અમારા ખેડૂતો પાસેથી જે શાકભાજી મળે છે તે સીધા અહી લાવવામાં આવે છે બાકીની શાકભાજી આલામપુર ખાતે અમારા વિશેષ જથ્થાબંધ કેન્દ્ર ઉપર ખરીદી કરીને અહી લાવવામાં આવે છે. તમામ કર્મચારીઓ સૂરક્ષાના ભાગરૂપે અહી સોસીયલ ડિસ્ટનસિંગ જણાવે છે. તેમણે જનાવ્યુ હતુ કે લોકડાઉનમા આવશ્યક કામ સિવાય બહાર ના નીકળવુ જોઈએ અને બહાર જવાનુ થાય તો પણ ઓછામા ઓક્યુ એક મિટર અંતર રાખવુ જરૂરી છે. મધુર પાર્લર ઉપર શાકભાજી અને દુધ લેવા આવતા ગ્રાહકો આ નિયમનુ પાલ્ન કરે છે એનો એમણે આનંદ વ્યક્ત કર્યો હતો. ગાંધીનગર શહેરના નાગરિકો મધુરના પેકિંગમાં શાકભાજી ખરીદે એ જરૂરી છે કારણ અહી એકવાર પેક થાય પછી બીજા ગ્રાહકોના હાથનો સ્પર્શ થવાનો નથી. આ શાકભાજી આપની સોસાયટીમાં પણ પહોંચાડી શકીએ જો આપના સોસાયટીના ચેરમેન સેક્રેટરી અમને શાકભાજીનો જથ્થાબંધ ઓર્ડર અપાશે તો એ શક્ય બનશે. તેમણે ગાંધીનગર શહેર્ના પોલીસ તંત્રનો આભાર માનતા જનાવ્યુ હતુ કે મધુરના તમામ પાર્લરોની આસપાસ સામાજીક અંતર જળવાય તે માટે પોલીસ મિત્રો માઈક્રોફોનમા જાહેરાત પણ કરે છે. તેમણે મધુરના એમડીશ્રી અને સમગ્ર ટીમની કામગીરી બિરદાવી હતી. સોસીયલ ડિસ્ટનસિંગ એટલે શારિરીક અંતર સંબંધોમા અંતર નથી લાવવાનુ. પોતાના કુટુંબીજનો સિવાય કોઈના પણ સંપર્કમાં આવો ત્યારે ઓછામાં ઓછા એક મીટરનું અંતર જણાવીએ. આ વાયરસના ચેપથી બચવા ખૂબ કામ લાગશે. અને હા જો સામેવાળાએ માસ્ક કે રૂમાલથી મો ન ઢાક્યું હોય તો તમે વધુ અંતર જાળવો. તેમણે એ પણ જણાના હતુ કે ગામમાં પશુપાલક મિત્રો મંડળી ઉપર દૂધ ભરાવવા આવે ત્યારે ત્યાં દોરેલા કુંડાણામા ઉભા રહી વારાફરતી દૂધ ભરાવે જેથી સામાજિક અંતર જળવાય રહે.

**એપીસોડ ૩ : ફેસ માસ્કનો ઉપયોગ કરીએ**

સપ્તપદીના ત્રીજા ભાગમાં ફેસમાસ્કનું મહત્વ સમજાવવા ચેરમેનશ્રી દ્વારા મધુર ટીમના અધિકારીઓ અલગ અલગ માસ્ક થી ઑફિસમાં સેવા આપે છે તેમની સાથે ચર્ચા કરી હતી. પોતાની વાતને સમજાવતા તેમણે જણાવ્યુ હતુ કે આપણે અત્યાર સુધી માત્ર ડૉક્ટર અને એ પણ કોઈ ગંભીર ઓપરેશન કરતા હોય ત્યારે એમના મો ઉપર માસ્ક પહેરેલો જોયો છે. કદાચ કોઈ દવા કે કેમીકલની કંપનીના કર્મચારીઓ પોતાના કામના સમયે આ માસ્ક પહેરેલા જોયા હશે. મને યાદ છે આપણે ગામડામા કોઈ ખરાબ રસ્તેથી પસાર થઈએ અને કોઈ દુર્ગન્ધ આવે ત્યારે આપણા નાકને રૂમાલ કે હાથથી ઢાંકતા હતા.

આજે સમય આવ્યો છે આ ખતરનાક વાયરસથી બચવાનો જે નાક અને મો દ્વારા આપણા ગળા અને પછી ફેફસામા પહોંચે છે....એકવાર ફેફસામા પહોંચી જાય પછી આ દુશ્મનને હરાવવો મુશ્કેલ છે. એટ્લે જેમ મોદી સાહેબે સમજાવ્યુ એમ ફેસ માસ્ક પહેરવાનુ રાખીએ.

વિશ્વ આરોગ્ય સંસ્થાના નિષ્ણાતોનું માનવુ છે કે છીંક દ્વારા કોરોના વાયરસ ૬-૮ મીટરથી વધુ જઈ શકે છે જેને રોકવા મોં ઉપર માસ્ક પહેરવુ જરૂરી છે. આ બાબતની ગંભીર નોંધ લઈ હવે સરકારશ્રીએ માસ્ક પહેરવુ ફરજિયાત બનાવ્યુ છે. વૈશ્વિક મહામારી અને રોગચાળાના કાયદા અને આઈ.પી.સી અધિનિયમ ૧૮૮ મુજબ હવે ઘરની બહાર માસ્ક ન પહેરવુ તે ગુનો બને છે અને પ્રથમા વખત રૂ. ૧૦૦૦ દંડ અને બીજી વખત પકડાશે તો રૂ. ૫૦૦૦ દંડ તેમજ ત્રણ વર્ષને જેલ થવાની પણ જોગવાઈ છે.

કાયદાનું પાલન કરીને કોરોના વાયરસ ના ડરથી પણ આપણે માસ્ક ફરજિયાત પહેરવુ જોઈએ. હવે વાત કરીએ કેવુ માસ્ક પહેરવુ જોઈએ? આપણે ડોક્ટર કે નર્સ હોઈએ તો આપણે એન૯૫ વિશેષ પ્રકારનુ માસ્ક જરૂરી છે આપણી જેવી સામાન્ય જનતાએ તો કોટન અથવા તો સામાન્ય માસ્ક જેને એબ બે વખત ઉપયોગ કરીને ધોઈ શકાય તેવા માસ્ક વાપરવાની સલાહ છે. બહેનો દુપટ્ટો પણ મોં ઉપર બાંધી શકે પણ એકવાર ઉપયોગ કરીને એને ધોવાની સલાહ છે કશુ ના મળે તો કોટનનો રૂમાલ પણ મોં ઉપર બાંધીને તમે બહાર નીકળી શકો. તેમણે ઉમેર્યુ હતુ કે દરેક ગામની મહ્ડળી અને મધુર પાર્લર ઉપર અમે માસ્ક ફરજિયાત કર્યા છે.

| ભાગ | સપ્તપદીનું ટાઇટલ | પ્રસારણ તારીખ | મધુર યુટ્યુબ ચેનલ લીંક |
|---|---|---|---|
| ૧ | ઘર ના વડીલોની કાળજી રાખો. | ૧૫/૦૪/૨૦૨૦ | https://www.youtube.com/watch?v=fVV-5RluVzU |
| ૨ | સોસિયલ ડિસ્ટન્સિંગ રાખીએ. | ૧૬/૦૪/૨૦૨૦ | https://www.youtube.com/watch?v=hn9Sj1hgwlE |
| ૩ | ફેસમાસ્ક નો ઉપયોગ કરીએ. | ૧૭/૦૪/૨૦૨૦ | https://www.youtube.com/watch?v=CRZVOWtYmnQ |
| ૪ | રોગપ્રતિકારક શક્તિ વધારવા આયુષ વિભાગની સુચનાઓનો અમલ કરીએ. | ૧૮/૦૪/૨૦૨૦ | https://www.youtube.com/watch?v=vKRBlD22cJg |
| ૫ | આરોગ્યસેતુ મોબાઈલ એપ્લિકેશનનો ઉપયોગ કરીએ. | ૧૯/૦૪/૨૦૨૦ | https://www.youtube.com/watch?v=ipH2YSASo5o |
| ૬ | ગરીબ પરિવારની કાળજી રાખવી. | ૨૦/૦૪/૨૦૨૦ | https://www.youtube.com/watch?v=1DfqDRqfifw |
| ૭ | કર્મચારીઓ પ્રત્યે સંવેદના રાખીએ. | ૨૧/૦૪/૨૦૨૦ | https://www.youtube.com/watch?v=4htw6MZKG3o |

(ક્રમશઃ)

## જન્મદિને વધામણી



કિરીટભાઈ આર પરેરા
રિટાયર્ડ પ્રિન્સિપાલ,
સામાજિક કાર્યકર
મો. ૯૭૭૪૭ ૬૭૨૦૨



જય મહેતા
મો. ૯૭૧૪૪ ૭૫૦૪૪



અજિતસિંહ એન. ભટ્ટી



દેવ્યાની સોલંકી
મો. ૮૭૩૪૯ ૭૯૨૮૨



હાર્દિક સોરઠીયા
મો. ૯૦૩૩૫ ૦૭૯૩૧

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

## રાધે-રાધે પરીવાર ગ્રુપ દ્વારા સેનેટાઈઝ્ડ ટનલ સમર્પિત કરાઈ



ગાંધીનગર, તા. ૨૩

રાધે-રાધે પરીવાર ગ્રુપ, સેક્ટર - ૧૭ માં આ કોરોનાની જે મહમારી ચાલી રહી છે એમાં રાધે-રાધે ગ્રુપ તરફથી જ્યારે થી આ મહામારી ચાલુ થઈ ત્યારથી ગાંધીનગર માં લગભગ દરરોજ સવાર-સાંજનું થઈ ૧૧૦૦ જેટલા ગરીબ માણસોને સ્વાદિષ્ટ ભોજન પિરસીએ છીએ. ત્યારે ઘણા લોકો અમારા ગ્રૂપની મુલાકાત લેતા હોય છે ત્યારે ગ્રુપના મિત્રોના સ્વાસ્થ્યને ધ્યાનમા રાખી શાયોના એન્ટરપ્રાઈઝ કંપનીના માલિક એવા સુરેન્દ્રસિંહ વાઘેલા એ ઉદાર હાથે રાધે-રાધે પરીવાર ને સેનેટાઈઝ ટનલ સમર્પિત કરી છે.